Royal Higher Secondary School - Dhoraji

Date : 13-02-25
Marks : 180
Time : 1:00 Hour

Std - 12 Re Neet **Sub. : Physics Ch :- 5,6 (11) / 6,7 (12)**

(1) m દળના એક પદાર્થ ને h ઊંચાઈના ઘર્ષણ રહિત ઢાળ પરથી સ્થિર સ્થિતિ માંથી મુકત કરતા ઢાળનાં તળીએ તેની ઝડપ કોના સમપ્રમાણમાં હોય છે.

(A) m^0 (B) m (C) m^2 (D) m^{-1}

(2) 1 ગ્રામ દળનું વરસાદનું ટીપું 1 km ઊંચાઈએથી પડે છે તે જમીનને 50 ms^{-1} ની ઝડપથી સ્પર્શે છે જો અવરોધક બળ ટીપા ની ઝડપના સમપ્રમાણ માં હોય, તો અવરોધક બળ વડે થતુ કાર્ય ($g=10\ ms^{-2}$)

(A) 10 J (B) −10 J (C) 8.75 J (D) −8.75 J

(3) બળ $\vec{F}=\left(3\hat{i}+4\hat{j}-5\hat{k}\right)$ એકમ સ્થાનાંતર $\vec{d}=\left(5\hat{i}+4\hat{j}+3\hat{k}\right)$ એકમ હોય તો તેમની વચ્ચેનો ખૂણો

(A) $\cos^{-1}(0.16)$ (B) $\cos^{-1}(0.32)$ (C) $\cos^{-1}(0.24)$ (D) $\cos^{-1}(0.64)$

(4) 2 kg દળનો એક બ્લોક, સમક્ષિતિજ ઘર્ષણ ધરાવતી સપાટી પર સ્થિર પડેલો છે તેના પર સમક્ષિતિજ દિશામાં 6N બળ લગાડવામાં આવે છે. બ્લોક અને સપાટી વચ્ચેનો સ્થિત–ઘર્ષણાંક 0.1 છે તો 10 sec માં માત્ર લગાડેલ બળ વડે થતું કાર્ય ($g=10\ ms^{-2}$)

(A) 200 J (B) −200 J (C) 600 J (D) −600 J

(5) m દળની એક બુલેટ સમક્ષિતિજ સાથે 30^o નાં ખૂણે ગોઠવેલ બંદુકની બેરલમાંથી v વેગથી બહાર નીકળે છે. તે જમીન થી h ઊંચાઈ હોય ત્યારે બુલેટ ટાર્ગેટને અથડાય છે અને તેની ગતિઊર્જા પ્રારંભની ગતિઊર્જા કરતા અડધી બને છે. ટાર્ગેટને અથડાયા બાદ બુલેટનાં સંદર્ભમાં કયુ વિધાન સાચું છે.

(A) બુલેટની ઝડપ અચળ રહે છે.

(B) બુલેટની ઝડપ ઘટીને પ્રારંભિક ઝડપની અડધી થાય છે.

(C) બુલેટની ઝડપ પ્રારંભની ઝડપનાં અડધા કરતા વધુ છે.

(D) બુલેટ તેનાં પરવલયાકાર પથ પર ગતિ ચાલુ રાખશે.

(6) પ્રક્ષિપ્ત નિદર્શનમાં એક પોલિસ અધિકારી 50 g દળની બુલેટ 200 ms^{-1} ની ઝડપે 2 cm જાડાઈનાપ્લાયવુડના લક્ષ્ય પર ફાયર કરે છે જ્યારે બુલેટ માત્ર 10 % ગતિઉર્જા સાથે લક્ષ્યમાંથી બહાર આવે તો અથડામણ બાદ તેની ઝડપ (ms^{-1}) માં દર્શાવો.

(A) $2\sqrt{10}$ (B) $20\sqrt{10}$ (C) $10\sqrt{2}$ (D) $10\sqrt{20}$

(7) પદાર્થ પર લાગતું બળ F અંતર X સાથે આકૃતિમાં દર્શાવ્યા મુજબ બદલાય છે X=0 થી X=8 m દરમ્યાન ગતિ કરતા પદાર્થ માટે થતું કાર્ય



(A) શૂન્ય (B) 80 J (C) −40 J (D) 40 J

(8) નીચેના પૈકી કયું વિધાન ખોટું છે.

(A) જો સ્થાનાંતરની દિશા લગાડેલા બળની દિશાને લંબ હોય તો કાર્ય થતું નથી.

(B) જો સ્થાનાંતરની દિશા અને લગાડેલા બળની દિશા વચ્ચેનો કોણ ગુરૂકોણ હોય, તો થતું કાર્ય ઋણ હોય છે.

(C) ઘર્ષણયુક્ત બળ અસંરક્ષી બળ છે.

(D) કેન્દ્રીવર્તી બળો અસંરક્ષી બળ છે.

(9) 10 kg દળનો પદાર્થ x–અક્ષની દિશામાં $10\ ms^{-1}$ ની અચળ ઝડપથી ગતિ કરે છે $x=20$ m થી $x=30$ m ની ગતિ દરમ્યાન તેના $F_r=-0.1x\ J\ m^{-1}$ અવરોધક બળ લાગે છે તો અંતિમ ગતિઊર્જા

(A) 250 J (B) 275 J (C) 450 J (D) 475 J

(10) H ઊંચાઈ ટેકરી પરથી m દળનાં બ્લોકને મૂકવામાં આપે છે. જ્યારે તેને ફેંકવામાં આવે ત્યાંથી $\frac{3H}{4}$ અંતરે હોય ત્યારે ગતિઊર્જા અને સ્થિતિ ઊર્જાનો ગુણોત્તર

(A) 3:4 (B) 4:3 (C) 1:3 (D) 3:1

(11) 1000 kg દળની કાર $18\ kmh^{-1}$ ની ઝડપ સમક્ષિતિજ બાંધેલ સ્પ્રિંગ સાથે અથડાય છે જો સ્પ્રિંગ અચળાંક $6.25\times10^3\ Nm^{-1}$ હોય તો સ્પ્રિંગ મહત્તમ સંકોચન

(A) 1 m (B) 2 m (C) 3 m (D) 4 m

(12) કોલમ I અને કોલમ II યોગ્ય રીતે જોડો.

કોલમ–I	કોલમ–II
(A) પદાર્થ ઘર્ષણ વિરૂધ્ધ કાર્ય કરે ત્યારે ગતિઊર્જા	(p) સમયથી સ્વતંત્ર
(B) પદાર્થ વડે થતું કાર્ય	(q) સમય
(C) પદાર્થનો પાવર જેના વ્યસ્ત પ્રમાણમાં છે.	(r) સંરક્ષી બળ હોવું જોઈએ.
(D) બંધ માર્ગ વડે થતું કાર્ય શૂન્ય હોય છે.	(s) ઘટે છે.

(A) (A-p), (B-q), (C-r), (D-s) (B) (A-q), (B-r), (C-s), (D-p)

(C) (A-s), (B-r), (C-q), (D-p) (D) (A-s), (B-p), (C-q), (D-r)

(13) m દળનો v_i વેગથી ગતિ કરતો એક ગોળો P બીજા તેના જેવા જ સ્થિર ગોળા Q સાથે દ્વિ–પરિમાણમાં સંપૂર્ણ સ્થિતિસ્થાપક સંઘાત અનુભવે છે સંઘાત બાદ બંને ના વેગ વચ્ચેનો કોણ જણાવો.

(A) 0 (B) 45^o (C) 90^o (D) 180^o

(14) આકૃતિમાં દર્શાવેલ 3 kg દળના L–આકારના લેમિનાનું દ્રવ્યમાન કેન્દ્ર



(A) $\left(\frac{5}{6}m,\frac{5}{6}m\right)$ (B) (1m, 1m) (C) $\left(\frac{6}{5}m,\frac{6}{5}m\right)$ (D) (2m, 2m)

(15) એક પદાર્થ $\vec{\omega}=\left(3\hat{i}-4\hat{j}+\hat{k}\right)$. કોણીય વેગથી ભ્રમણ કરે છે $\vec{r}=\left(5\hat{i}-6\hat{j}+6\hat{k}\right)$ સ્થાને આપેલા કણનો રેખીય વેગ

(A) $6\hat{i}+2\hat{j}-3\hat{k}$ (B) $18\hat{i}+3\hat{j}-2\hat{k}$

(C) $-18\hat{i}-13\hat{j}+2\hat{k}$ (D) $6\hat{i}-2\hat{j}+8\hat{k}$

(16) નીચે પૈકી કયું વિધાન સાચું છે ?

(A) સામાન્ય રીતે સ્થાનાંતરિત (રેખીય) ગતિમાં, વેગમાન $\vec{p}$ અને વેગ $\vec{v}$ સમાંતર હોવા જરૂરી નથી.

(B) સામાન્ય રીતે ચાકગતિમાં કોણીય વેગમાન $\vec{L}$ અને કોણીય વેગ $\vec{\omega}$ હંમેશા સમાંતર હોય છે.

(C) સામાન્ય રીતે રેખીય ગતિમાં પ્રવેગ $\vec{a}$ અને વેગ $\vec{v}$ હંમેશા સમાંતર હોય છે.

(D) દઢ પદાર્થની ચાકગતિમાં, કોણીય વેગમાન $\vec{L}$ અને કોણીય વેગ $\vec{\omega}$ સમાંતર હોય છે.

(17) 2L લંબાઈનાં એક દઢ સળિયા પર કેટલાક બળ લાગે છે. દરેક બળ F સમાન મૂલ્યના છે. તેના કેન્દ્રને અનુલક્ષીને કયાં કિસ્સામાં તેનાં પર લાગતું ટોર્ક શૂન્ય નથી.



(A) I અને II માત્ર (B) માત્ર II અને III

(C) માત્ર I અને III (D) બધાજ કીસ્સામાં પરિણામી ટોર્ક શૂન્ય છે.

(18) એક ફલાય વ્હીલ 420 rpm થી ભ્રમણ કરે છે. તે 2 rad s^{-2} કોણીય પ્રતિ પ્રવેગથી સ્થિર થતા કેટલો સમય લાગશે.

(A) 22 s (B) 11 s (C) 44 s (D) 12 s

(19) M દળ અને R ત્રિજ્યાનો પોલો નળાકાર તેની અક્ષને અનુલક્ષીને તથા સમાન દળ અને ત્રિજ્યાનો નક્કર ગોળો તેનાં કેન્દ્રમાંથી પસાર થતી અક્ષને અનુલક્ષીને ભ્રમણ કરે છે. જો તેમને સમાન મૂલ્યનું ટોર્ક લાગુ પાડવામાં આવે તો, તેમના કોણીય પ્રવેગનો ગુણોત્તર

(A) $\frac{2}{5}$ (B) $\frac{5}{2}$ (C) $\frac{5}{4}$ (D) $\frac{4}{5}$

(20) કોલમ I અને કોલમ II જોડો.

કોલમ–I	કોલમ–II
(A) રેખીય સંતુલન	(p) MK^2
(B) ચાકગતિય સંતુલન	(q) કોણીય પ્રવેગ
(C) પદાર્થની જડત્વની ચાકમાત્રા	(r) $\sum \vec{F} = 0$
(D) ટોર્ક જરૂરી છે.	(s) $\sum \vec{\tau} = 0$

(A) (A-p), (B-q), (C-r), (D-s) (B) (A-q), (B-r), (C-s), (D-p)

(C) (A-r), (B-q), (C-p), (D-s) (D) (A-r), (B-s), (C-p), (D-q)

(21) બે પદાર્થોની જડત્વની ચાકમાત્રા અનુક્રમે I અને 2I છે જો તેમની ચાકગતિ ઊર્જા સમાન હોય, તો તેમનાં કોણીય વેગમાનનો ગુણોત્તરમાં

(A) 1:2 (B) $\sqrt{2}:1$ (C) $1:\sqrt{2}$ (D) 2:1

(22) વિધાન : દઢ પદાર્થનું દ્રવ્યમાન કેન્દ્ર માત્ર પદાર્થનાં દળ અને આકાર પર આધાર રાખે છે.

કારણ : કોઈ પણ પદાર્થની જડત્વની ચાકમાત્રા $I=MR^2$, જ્યાં M પદાર્થનું દળ અને R ત્રિજ્યા સદિશ છે.

(A) વિધાન અને કારણ બંને સાચા છે અને કારણ એ વિધાનની સાચી સમજૂતી છે.

(B) વિધાન અને કારણ બંને સાચા છે પરંતુ કારણ એ વિધાનની સાચી સમજૂતી નથી.

(C) વિધાન સાચું છે પણ કારણ ખોટું છે. (D) વિધાન અને કારણ બંને ખોટા છે.

(23) 200 cm લંબાઈ અને 500 g દળની એક સમાન સળિયાને 40 cm નિશાન પાસે ધાર પર બેલેન્સ કરેલ છે 20 cm પર 2 kg નો દળ લટકાવવામાં આવે છે અને 100 cm પર જ અજ્ઞાત દળમાં લટકાવવામાં આવે છે. તો સંતુલન સ્થિતિ માટે m નું મુલ્ય માટે m નું મુલ્ય શોધો. ($g=10\ m/s^{-2}$)



(A) $\frac{1}{12}$kg (B) $\frac{1}{2}$kg (C) $\frac{1}{3}$kg (D) $\frac{1}{6}$kg

(24) એક રીંગ (hoop) ની ત્રિજ્યા 2 m અને દળ 100 kg છે. તે સમક્ષિતિજ રસ્તા પર ગબડે છે. તેના દ્રવ્યમાન કેન્દ્રની ઝડપ 20 cm s^{-1} છે. તેને સ્થિર કરવા માટે કેટલું કાર્ય કરવું પડે.

(A) 2 J (B) 4 J (C) 6 J (D) 8 J

(25) એક ટર્નટેબલનાં કેન્દ્ર પર એક બાળક બે હાથ ખુલ્લા રાખીને ઊભો છે ત્યારે ટર્નટેબલની કોણીય ઝડપ ω_0 છે. જો, બાળક તેના બંને હાથ બાંધી દે છે તો તંત્રની જડત્વની ચાકમાત્રા પ્રારંભની જડત્વની ચાકમાત્રા કરતા ત્રણ ગણી થાય છે. તો તેની નવી કોણીય ઝડપ

(A) $3\omega_0$ (B) $\frac{\omega_0}{3}$ (C) $6\omega_0$ (D) $\frac{\omega_0}{6}$

(26) x બાજુના ચોરસને x–y સમતલમાં એવા પ્રદેશમાં મુકવામાં આવે છે, જ્યાં ચુંબકીય ક્ષેત્ર

$\vec{B} = B_0\left(3\hat{i} + 4\hat{j} + 5\hat{k}\right)T$ મુજબ રાખવામાં આવે છે. અચળ લેતા ચોરસમાંથી પસાર થતા ફલક્સ નું મુલ્ય

(A) $5B_0x^2$ Wb (B) $3B_0x^2$ Wb (C) $2B_0x^2$ Wb (D) B_0x^2 Wb

(27) 8 સે.મી. ત્રિજ્યા, 400 આંટાઓ અને 2 Ω અવરોધના એક ગોળાકાર ગૂંચળાને પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રના સમક્ષિતિજ ઘટકને લંબરૂપ રહે તે રીતે મૂકવામાં આવે છે. તે 0.30 સેકન્ડમાં 180^o દ્વારા તેના શિરોલંબ વ્યાસમાં પરિભ્રમણ થાય છે. આ સ્થળ પર પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રનો સમક્ષિતિજ ઘટક 3×10^{-5} T છે. ગૂંચળામાં પ્રેરિત પ્રવાહનું મૂલ્ય આશરે છે.

(A) 4×10^{-2} A (B) 8×10^{-4} A (C) 8×10^{-2} A (D) 1.92×10^{-3} A

(28) નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) જ્યારે પણ પરિપથ સાથે સંકળાયેલ ચુંબકીય ફલક્સનું પ્રમાણ બદલાય છે, ત્યારે પરિપથમાં એક emf પ્રેરિત થાય છે.

(B) જ્યાં સુધી ચુંબકીય ફલક્સમાં વિદ્યુત ભાર વહેતો રહે ત્યાં સુધી તેમાં પ્રેરિત emf રહે છે.

(C) પ્રેરિત emf ની દિશા લેન્ઝના નિયમ દ્વારા આપવામાં આવે છે.

(D) લેન્ઝનો નિયમ એ વેગમાન સંરક્ષણના નિયમનું પરિણામ છે.

(29) અડીને આવેલા ગૂંચળાની જોડીમાં 2.5 H નું અન્યોન્ય પ્રેરકત્વ હોય છે. જો એક ગૂંચળામાં પ્રવાહ 0.8 s માં 0 થી 40 A સુધી બદલાય છે, તો બીજા ગૂંચળા સાથે સંકળાયેલા ફલક્સમાં થતો ફેરફાર થાય છે.

(A) 100 Wb (B) 120 Wb (C) 200 Wb (D) 250 Wb

(30) 1 મીટર લંબાઈની ધાતુના સળિયાને સેકન્ડ દીઠ 50 પરિભ્રમણ આવૃત્તિ સાથે ફેરવવામાં આવે છે. આ સળિયાનો એક 1 મીટરની ત્રિજ્યાની ગોળાકાર ધાતુની રિંગના કેન્દ્રમાં અને બીજો છેડો તેના પરિઘ ઉપર એવી રીતે સ્થિર છે કે જેથી તેની અક્ષ રિંગના કેન્દ્રમાંથી રિંગને લંબ રૂપે રહે. અક્ષને સમાંતર 1 T નું ચુંબકીય ક્ષેત્ર દરેક સ્થાને અસ્તિત્વ ધરાવે છે. તો કેન્દ્ર અને ધાતુની રીંગ વચ્ચેનું emf કેટલું થશે ?

(A) 157 V (B) 117 V (C) 127 V (D) 137 V

(31) વિધાન : ગૂંચળાની જોડીનું અન્યોન્ય પ્રેરકત્વ તેમના અંતર તેમજ તેમના સાપેક્ષ ગોઠવણ પર આધારિત છે.
કારણ : અન્યોન્ય પ્રેરકત્વ માત્ર ગૂંચળાની લંબાઈ પર આધાર રાખે છે.
(A) વિધાન અને કારણ બંને સાચા છે અને કારણ એ વિધાનની સાચી સમજૂતી છે.
(B) વિધાન અને કારણ બંને સાચા છે પરંતુ કારણ એ વિધાનની સાચી સમજૂતી નથી.
(C) વિધાન સાચું છે પણ કારણ ખોટું છે. (D) વિધાન અને કારણ બંને ખોટા છે.

(32) 400 આંટાઓ ધરાવતા ગૂંચળાનું આત્મ–પ્રેરકત્વ 10 mH છે. પ્રવાહ 2 mA ને અનુરૂપ ગૂંચળાના આડછેદ માંથી પસાર થતું ચુંબકીય ફલ્કસ છે.
(A) 5×10^{-8} Wb (B) 2×10^{-8} Wb (C) 3×10^{-5} Wb (D) 8×10^{-7} Wb

(33) N આંટાને અને A ક્ષેત્રફળ ધરાવતું ગૂંચળું જેના સમતલને ચુંબકીય ક્ષેત્ર B સાથે સમાંતરમાં રાખવામાં આવે છે તેની સાથે સંકળાયેલ ચુંબકીય ફલક્સ
(A) $\frac{NAB}{2}$ (B) NAB (C) $\frac{NAB}{4}$ (D) શૂન્ય

(34) ધાતુનું ચોરસ લૂપ ABCD તેના પોતાના સમતલમાં આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તેના સમતલ પર લંબરૂપ સમાન ચુંબકીય ક્ષેત્રમાં વેગ v સાથે આગળ વધી રહ્યું છે.
પ્રેરિત વિદ્યુત ક્ષેત્ર છે.



(A) AD માં, હશે પરંતુ BC માં નહીં. (B) BC માં, હશે પરંતુ AD માં નહીં.
(C) ન તો AD માં કે ન BC માં (D) AD અને BC બંનેમા હશે.

(35) એક પરિપથના 0.01 મીટર^2 વિસ્તારને ચુંબકીય ક્ષેત્રની અંદર રાખવામાં આવે છે કે જે તેના સમતલને લંબ છે. ચુંબકીય ક્ષેત્ર 1 મિલીસેકન્ડમાં 2 ટેસ્લાથી 1 ટેસ્લામાં બદલાય છે. જો સર્કિટનો અવરોધ 2 Ω છે. તે ઉષ્માના વધારાનો દર છે.
(A) 5 J/s (B) 50 J/s (C) 0.05 J/s (D) 0.5 J/s

(36) એક AC સ્ત્રોત $\frac{200}{\sqrt{2}}$ V, 50 Hz નો છે. શરૂઆતથી $\frac{1}{600}$ s પછી વોલ્ટેજનું મૂલ્ય છે.
(A) 200 V (B) $\frac{200}{\sqrt{2}}$ V (C) 100 V (D) 50 V

(37) 220 V AC સ્ત્રોત માટે લાઈટ બલ્બને 100 W પર રેટીંગ કરવામાં આવેલ છે. તે બલ્બનો અવરોધ
(A) 284 Ω (B) 384 Ω (C) 484 Ω (D) 584 Ω

(38) આપેલ પરિપથમાં શ્રેણીમાં 20 Ω અવરોધ અને 0.1 μF કેપેસિટર છે જે કોણીય આવૃત્તિ 100 rad s^{-1} ના 230 V ac સ્ત્રોત સાથે જોડાયેલ છે. પરિપથની ઈમ્પિડન્સ શું છે ?
(A) 10^5 Ω (B) 10^4 Ω (C) 10^6 Ω (D) 10^{10} Ω

(39) પ્રત્યાવર્તી વોલ્ટેજ (વોલ્ટમાં) $V = 200\sqrt{2}\sin(100t)$ ને 1 μF નાં કેપેસિટર સાથે આદર્શ ac એ મીટર દ્વારા શ્રેણીમાં જોડવામાં આવે છે. એમીટરનું રીડિંગ અને પરિપથમાં સંગ્રહ થતો કુલ પાવર છે.
(A) 20 mA, 0 (B) 20 mA, 4 W
(C) $20\sqrt{2}$ mA, 8 W (D) $20\sqrt{2}$ mA, $4\sqrt{2}$ W

(40) વિદ્યુત ઉપકરણ 223 V (rms) નાં AC સ્ત્રોતમાંથી 2kW નો પાવર ખેંચે છે વોલ્ટેજની તુલનામાં પ્રવાહ કળામાં $\phi = \tan^{-1}\left(-\frac{3}{4}\right)$ પાછળ છે પરિપથમાં અવરોધ R કેટલો થશે ?

(A) 15 Ω (B) 20 Ω (C) 25 Ω (D) 30 Ω

(41) આકૃતિમાં બતાવ્યા પ્રમાણે પરિપથનું પાવર ફેકટર છે.



(A) 0.2 (B) 0.4 (C) 0.8 (D) 0.6

(42) જ્યારે વોલ્ટેજ $V=V_0 \sin 100\ t$ નો ac સ્ત્રોત સમગ્ર પરિપથમાં જોડાયેલ હોય, ત્યારે વોલ્ટેજ V અને પ્રવાહ વચ્ચેનો કળાનો તફાવત આકૃતિમાં બતાવ્યા પ્રમાણે $\pi/4$ હોવાનું જણાયું છે. જો પરિણથમાં કદાચ, માત્ર RC અથવા RL અથવા સીરીઝમાં LC શ્રેણીમાં હોય, તો બે ઘટકોનું સંભવિત મૂલ્ય શોધો.



(A) $R = 1\ k\Omega, C = 10\ \mu F$ (B) $R = 1\ k\Omega, C = 1\ \mu F$

(C) $R = 1\ k\Omega, L = 10\ mH$ (D) $R = 10\ k\Omega, L = 10\ mH$

(43) એક સ્ટેપ ડાઉન ટ્રાન્સફોર્મર ટ્રાન્સમિશન વોલ્ટેજને 11000 V થી 220 V માં રૂપાંતરિત કરે છે. ટ્રાન્સફોર્મરના પ્રાથમિક ગૂંચળામાં 6000 આંટાઓ છે અને ટ્રાન્સફોર્મરની કાર્યક્ષમતા 60 % છે. જો બહાર નીકળતો પાવર 9 kW છે, તો અંદર આવતો પાવર હશે ?

(A) 11 kW (B) 12 kW (C) 14 kW (D) 15 kW

(44) ટ્રાન્સફોર્મરની કોર લેમિનટેડ (સ્તરોની બનેલી) કરવાથી ..... વ્યય ઘટાડી શકાય.

(A) ફલક્સ લીકેજ (B) હિસ્ટારીસીસ (C) કોપર લોસ (D) એડીપ્રવાહ

(45) વિધાન I : પરિપથમાં L અને C બંને હાજર હોય તો જ પરિપથ દ્વારા અનુનાદ પ્રદર્શિત થાય છે.
વિધાન II : માત્ર ત્યારે જ L અને C પરના વોલ્ટેજ એકબીજાને રદ કરે છે, બંનેની કળા એકબીજાને નાબુદ કરે છે.

(A) વિધાન I અને વિધાન II બંને સાચા છે. (B) વિધાન I ખોટું અને વિધાન II સાચું છે.
(C) વિધાન I સાચું છે પણ વિધાન II ખોટું છે. (D) વિધાન I અને વિધાન II બંને ખોટા છે.